# નવેમ્બર ૨૦૧૬ વિઝા બુલેટિન ગ્રીન કાર્ડની આશા રાખતા લોકો માટે મિશ્ર સમાચાર લાવે છે

નવા નાણાકીય વર્ષમાં નવેમ્બર વિઝા બુલેટિનમાં ફાઈનલ એક્શન ડેટ્સ માટે નવાઈ ન લાગવી જોઈએ. જો તમે નવેમ્બર વિઝા બુલેટિનની સામે



માઈકલ ફુલવાની



ડેવિડ એચ. નાચમેન



લુડકા ઝિમોવચાક

ઓક્ટોબર ૨૦૧૬ની સરખામણી કરતા હો તો તમને ખ્યાલ આવશે કે ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ્સની ધારણાઓ નોંધપાત્ર અપવાદો સાથે કાર્યરત થઈ હશે.

ઈબી-૪ અલ સાલ્વાડોર-ગ્વાટેમાલા-હોન્ડરાસ ૧૫મી જુલાઈ, ૨૦૧૫ સુધી એડવાન્સ છે. ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ આ કેટેગરીઓમાં ઉચ્ચ માગની આશા ચાલુ રાખે છે અને તેથી ફાઈનલ એક્શન ડેટમાં કોઈ પણ આગળની હિલચાલ ધીમી રહેશે. ઈબી-૪ ઈન્ડિયા અને ઈબી-૪ મેક્સિકો 'કરન્ટ' રહેશે.

ઈબી-૧ ચીન, ઈબી-૧ ભારત અને ઈબી-૧ વર્લ્ડવાઈડ નવેમ્બરમાં અને ભવિષ્યમાં પણ 'કરન્ટ' રહેશે.

ગયા નાણાકીય વર્ષના અંતે ઈબી-૧ ચીન અને

નવેમ્બરમાં પહેલી નવેમ્બર ૨૦૦૭ના રોજ નવ માસ માટે ઈબી-૨ ઈન્ડિયા એડવાન્સ રહેશે. આ હિલચાલને તેની માગણી કરતાં ઘણો ઓછો પ્રતિસાદ મળ્યો હતો. ઈબી-૨ ચીન ૧૫મી જુલાઈ ૨૦૧૨ સુધીમાં ચાર માસ એડવાન્સ હતું, જ્યારે ઈબી-૩ ચીન ૧૫મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ત્રણ માસ એડવાન્સ હતું, જે અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી હતું અને ફેબ્રુઆરી ૨૦૧૭ અગાઉ રિકવર થાય તેમ લાગતું નથી. ડીઓએસ માને છે કે ઈબી-૨ ચીન ધારણા કરતાં વધુ ઝડપથી ઈબી-૩ કેટેગરી આગળ વધશે, જેના કારણે ઈબી-૨ની માગની કક્ષામાં ઘટાડો થશે.

ઓછી માગના કારણે, ઈબી-૩ ફિલિપાઈન્સ ફાઈનલ એક્શન ડેટ ધારણા કરતાં વધુ ઝડપથી આગળ જઈ રહી છે. જો આ ઝડપથી આ સિનારિયો ચાલુ રહેશે તો કેટલાક માસમાં ફાઈનલ એક્શન ડેટ એડવાન્સ રહેવાની શક્યતા છે.

આઠમી માર્ચ, ૨૦૧૪ની નવેમ્બર ફાઈનલ એક્શન ડેટ સાથે ઈબી-૫ ચીન બે અઠવાડિયાં એડવાન્સ રહેશે. આ કેટેગરીને ફક્ત કામચલાઉ ધોરણે ફરીથી અધિકૃતતા મળી છે, ત્યારે કોંગ્રેસનલ પ્રક્રિયા અગાઉ ડિસેમ્બર વિઝા બુલેટિનની ફાળવણીની ગેરહાજરીમાં, આપણે એ ધારણા રાખી શકીએ કે ઈબી-૫ ચીન રિજિયોનલ સેન્ટર્સ ડિસેમ્બર માટે 'અપ્રાપ્ય' રહેશે. આ કેસમાં ફાઈનલ એક્શન ડેટ રિઓથોરાઈઝેશન માટે